જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૬/૭/૨૦૧૫ સોમવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**<u>નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૩૬૨/૧૫</u>**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૦ કેસ કરી ૪૧ વ્યક્તિઓને ઝડપી, ૩૩૦ લીટર દેશી દારૂ, ૬૪૯ બોટલ ઇગ્લીશ દારૂ, ૧૩૦ ઈંગ્લીશ ક્વાર્ટર દારૂ, ૧૯૨ બિયર ટીન, ૦૧ સ્કુટર, ૩ રીક્ષા, અને ૦૨ કાર કબજે કરી હતી. તેમજ જુગારધાર હેઠળ ૦૫ કેસ કરી, ૩૭ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૩,૫૦,૩૫૫/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**<u>તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૩૬૩/૧૫</u>**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૫૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૨૧ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**<u>બળાત્કારની ફરીયાદ :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૩૬૪/૧૫</u>**

**બાપુનગર :** બાપુનગર વિસ્તારમાં રહેતી ૨૭ વર્ષની યુવતીએ તા.૫/૭/૧૫ નારોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૪/૭/૧૫ બપોરનાં ૧૨/૦૦ થી સાંજનાં ૭/૩૦ વાગ્યા દરમ્યાન આરોપી વિજય વિઠ્ઠલભાઇ ચૌધરી (ઉ.વ.૫૯)(રહે.ભીડભંજન રોડ, કવિનગર, બાપુનગર) એ બાપુનગર કસ્તુરબા ગાર્ડનથી રખિયાલ હોટલ પ્રિતમ ખાતે યુવતીને લઇ જઇ, યુવતીને કેફી પદાર્થ ભેળવેલ પીણુ પીવડાવી, તેણીની મરજી વિરૂધ્ધ બળજબરીથી બે વખત શરીર સબંધ બાંધ્યો હતો. આ ગુનાની તપાસ મ.પો.કમિ.શ્રી “એચ” ડીવીઝન ચલાવે છે.

**માધવપુરાઃ** માધવપુરા વિસ્તારમાં રહેતી ૨૬ વર્ષની યુવતીએ તા.૪/૭/૧૫ નારોજ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે આશરે સાતેક વર્ષથી આજદીન સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી મહેન્દ્ર ગોવિંદજી પ્રજાપતિ (રહે.ગપતપુરા, હાજીપુરા ગાર્ડન પાસે, શાહીબાગ)એ પોતે અપરણીત હોવાનું જણાવી, લગ્ન કરવાની લાલચ આપી, યુવતીનાં ઘર નજીક તેમજ મોટા ચિલોડા અંજલી હોટલ ખાતે અને વડોદરા રેલવે સ્ટેશન પાસે આવેલ હોટલ ખાતે યુવતીની મરજી વિરૂધ્ધ શરીર સબંધ બાંધ્યો હતો. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ બી ખિલેરી ચલાવે છે



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયા :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૩૬૫/૧૫</u>**

**બાપુનગરઃ** સરોજબહેન જગદીશકુમાર ભટ્ટ (રહે.માણીની પોળ, ગોમતીપુર) તા.૫/૭/૧૫ બપોરનાં ૪/૩૦ વાગ્યાના સુમારે ઇન્ડસ્ટ્રીયલ એરીયા ભદ્ર ટ્રેડર્સ કારખાના નજીકથી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ (૩૦ થી ૩૫ વર્ષના આશરાનાં) સરોજબહેનનાં ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૨૨,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ સરોજબહેન ભટ્ટે બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર.આર.વસાવા ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૩૬૬/૧૫</u>**

**દાણીલીમડાઃ** મનીશભઈ પ્રવિણભાઈ પરમાર (ઉ.વ.૨૦)(રહે.ન્યુ કોલોની શ્રીધર સોસાયટી દાણીલીમડા) એ કોઈ કારણસર તા.૧૮/૬/૧૫ રાતના ૮/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે એલ જી હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જ્યા તા.૫/૭/૧૫ કલાક ૭/૨૫ વાગે તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી આઈ કે બોદર ચલાવે છે.

**મેઘાણીનગરઃ** સંજયભાઈ દિનેશભાઈ મિસ્ત્રી (ઉ.વ.૩૩)(રહે.તાતાનગર, મેઘાણીનગર) કોઈ કારણસર તા.૫/૭/૧૫ કલાક ૧૧/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે હુકમાં સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી વાલસિંહ સબુરભાઇ ચલાવે છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)